# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૨ • તા.૧૦ ઓગસ્ટ થી ૧૬ ઓગસ્ટ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી કચ્છી દશા ઓશવાળ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એસોસિએશન દ્વારા



## લેક્ચર, મિટિંગ અને વાર્ષિક મેળાવડો યોજાયો






Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Happy Independence Day
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પરિવારનો પાયો પિતા

નાનપણમાં સ્કૂલોમાં વિવિધ વિષયો ઉપર નિબંધ લખવાનો લેસન અપાય છે. જેથી આપણી વિચાર શક્તિ ખીલે, ભાષા વૈવિધ્ય થાય અને મનની લાગણીઓ પાનાઓ પર ઉતરાય. આપનારા વિષયોમાં 'મારો દેશ', મારી માતા, મારો પરિવાર, મારી ઈચ્છા, મારું સપનુંએ જ હોય. પણ ક્યારેય મારા પિતા વિષે ક્યારે નિબંધ અપાતો નથી. બહુ બધા લેખો, પુસ્તકો માતા વિષે લખાયા છે પણ પિતા વિષયના પુસ્તકો શા માટે નથી?

માતાની મમતા, માતાનો વ્હાલ અને માતાનો ત્યાગ અનન્ય છે. તેને પરમેશ્વરના બરોબરની ઉપમા અપાઈ છે અને એ તેને લાયક છે. માતાનો પ્યાર બોલકો છે. જ્યારે પિતાનો પ્રેમ મૌન છે, અવ્યક્ત છે. બાળક સમજણું થાય તે ઉંમર સુધી પિતાને રૂબરૂ ઓછું મળે છે. કારણકે બાળક સૂતું ત્યારે પપ્પા કામે નીકળી જાય અને સંતાન રાતે સૂઈ જાય તે બાદ પપ્પા ઘરે પહોંચે. આંખ ખૂલે ને મમ્મી દેખાય, બાળક સૂએ ત્યારે મમ્મી હાજર હોય. આમ ચોવીસ કલાક મમ્મીના સાંનિધ્યમાં સંતાન ઉછેરે છે. એટલે તેની નજદિક હોય એ સહજ છે.

પપ્પા આપણા માટે એવું પાત્ર છે જેની નોંધ ના લેવાઈ હોય કે તેની મહાનતાની સિદ્ધિની કદર ન થઈ હોય જાણે 'અનસંગ હીરો'. એવું કહેવાય છે કે સ્ત્રી અને પુરૂષને ઘરે સંતાનના જન્મની સાથે જ માતા, પિતાનો પણ જન્મ થાય છે. બે વેંતના નવજાત સંતાનને હાથમાં ઉમંગથી તેડનાર પુરૂષ પિતા થાય છે. અને ત્યારથી જ તેનામાં પરિપકવતા આવી તેનો ત્યાગનો તપ શરૂ થાય છે. જે સંતાનની સફળ કારકીર્દિ સુધી પહોંચીને પૂર્ણ થાય છે.

વહેલી સવારે ઘર છોડી રાત્રે મોડેથી ઘરે પાછો ફરતો પિતા ઠંડુ ટિફિન જમે છે. સંતાનનું ભવિષ્ય ઉજ્જ્વળ થાય એ માટે પોતાનો વર્તમાન અથાક શ્રમથી કાળું કરે છે. સામાન્ય કપડા પોતે પહેરી સંતાનો અપટૂડેટ રહે એની ફિકર કરે છે. જીન્સ ટી શર્ટ અને પર્ફ્યુમ છાંટી એપલનો આઈપોડ હાથમાં લઈ ફરતો બાળક જે સુંગધ પ્રસરાવે છે. તે હકીકતમાં પિતાના પરસેવાની હોય છે. સંતાનોના શોખ પૂરવા પોતાના શોખનો ભોગ આપે છે. એ આપણા પિતા છે. જોઈતી વસ્તુ માટે માંગણી મમ્મી પાસે ભલે કરીએ પણ એ વસ્તુ મમ્મીને લાવી આપનાર પપ્પા હોય છે.

મમ્મી પોતાનો પ્રેમ છૂટથી વરસાવી શકે છે. એવી રીતે પોતાના આંસુ પણ મોકળા પણે વહેડાવી શકે છે. જ્યારે પપ્પાનો પ્રેમ અંતરથી અવ્યક્ત હોય છે. તેવી રીતે તેમના આંસુ પણ બહાર દેખાતાં નથી. દર્દ, વેદના અને પીડા અંદર અંદર રાખે છે. બહાર બતાવતા નથી. પપ્પા સંતાનોની બધી માંગણી મૂંગે મોઢે પૂરી કરી દે છે.

મમ્મી બાળકને ચાલતા શીખવે છે. જ્યારે પપ્પા તેને દોડતાં કરે છે. માતા તેને જ્ઞાન આપે છે. તો પિતા તેને વિજ્ઞાનથી પરિચય કરાવે છે. માતા વાર્તા કહી તેનું મન બહેલાવે છે. જ્યારે પિતા વ્યવહારની વાસ્તવિકતાથી રૂબરૂ કરાવે છે.

કારાવાસમાં સાત બાળકોને જન્મ આપી તેને ગુમાવી દેનાર દેવકી આઠમા સંતાન રૂપે કૃષ્ણને જન્મ આપે છે. તેને ધોધમાર વરસાદમાં અંધારી રાતે તોફાની પૂરમાં મસ્ત યમુના નદીમાં પિતા જ શિર પર ટોપલીમાં નાનકડા કૃષ્ણને લઈને નંદ અને યશોદાને સુરક્ષિત સોંપનાર બાળકના જનક એવા વાસુદેવ કેમ ભૂલી શકાય?

– જય જ્ઞાતિમૈયા

# સોશિયલ મીડિયાનું ઘેલછા ભર્યું વ્યસન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજની યુવા પેઢીનો જે જાની દોસ્ત છે એ તેનો જાની દુશ્મન છે એ છે મોબાઈલ ફોન. મોબાઈલને કારણે આજકાલના બાળકોમાં વધતો જતો સોશિયલ મીડિયાનો વપરાશ એ સંશોધન કર્તાઓ માટે ચિંતાજનક વિષય બનતો જાય છે. નાના નાના બાળકોથી લઈને મોટા ટીનેજર લગીના બાળકો-યુવાનોમાં મોબાઈલમાં રમાતી ઓનલાઈન ગેમ, ક્રિકેટ-કેરમ ચેસ જેવી ગેમના અતિશય વપરાશથી બહાર ખુલ્લામાં રમાતી આઉટ ડોર ગેમ તેમજ ઘરમાં રમાતી ઈનડોર ગેમ જાણે બંધ જ થઈ ગઈ છે, જાણે ઈતિહાસ બનીને રહી ગઈ હોય એવું લાગે છે. આ ઘેલછા મોટા શહેરો ઉપરાંત નાના નાના ગામડાઓમાં વધુ પ્રમાણમાં ફેલાઈ છે.

સોશિયલ મીડિયાના વહેલા સંપર્કમાં આવવાથી નાના બાળકો અને ટીનેજરમાં ગુસ્સા, ચીડીયાપણું, અનિદ્રા, આંખોમાં થકાવટ અને આળસની સમસ્યા વધુ થતી દેખાય છે. બાળકો વાસ્તવિક જીવન સાથે રહેવાને બદલે કાલ્પનિક જીવનમાં જીવવા લાગે છે. આજની યુવા પેઢીમાં અસ્વસ્થ જીવન શૈલીનો વિકાસ થતો જાય છે. સ્થુળતા, એદીપણું, બેઠાડું જીવનની આદત મોડી રાત સુધીના ઉજાગરા અને અપૂરતા આરામની દિનચર્યાને લીધે સ્વાસ્થ્ય સંબંધી ગૂંચવણો ઊભી થતી જાય છે.

મોબાઈલનો વપરાશ કરતો યુવક જો રસ્તે ચાલતા કોઈ અકસ્માત થયાનું જોશે કે કંઈ અજુગતો બનાવ બનવાનો સાક્ષી થશે તો સૌ પ્રથમ પોતાનો મોબાઈલ હાથમાં લઈ વીડિયો ઉતારવાનો શરૂ કરશે, પીડિતને મદદ કરવા માટે આગળ નહીં વધે. આ માણસાઈ વિહીન ચરિત્રનું દર્શન કરાવશે. આમ મોબાઈલને લીધે આજનો વ્યક્તિ માનવતા હીન થતો જાય છે એમ કહીએ તો કંઈ ખોટું નથી.

સોશિયલ મીડિયા આજની પેઢીને ઊધઈની જેમ ભરખતું જાય છે. જનરેશન ગેપ વધી ગયો છે. સોશિયલ મીડિયાનો અતિશય વપરાશ આજની યુવા પેઢીને માનસિક ગુલામ બનાવી દીધાં છે. તે સમગ્ર સમય વેડફી રહ્યો છે એવું કહીએ તો કંઈ ખોટું નથી. કુટુંબની જવાબદારી, વડીલો પ્રત્યેનો આદરભાવ ભૂલી રહ્યો છે. આજની યુવા પેઢીને સમજાવવું કઠિન નહીં પણ અમુક કિસ્સામાં અશક્ય બની ગયું છે. યુવા પેઢી દિશાહીન બની છે. તેને દિશા સૂચન કરવું એટલે આકરા પરિણામો, પ્રતિભાવો માટે વડીલોને તૈયાર રહેવું પડે તે બરાબર થઈ ગયું છે.

આંધળી ઘેલછાને ચાળે વિદ્યાર્થીઓ શાળામાં નવું શીખવામાં રસ ધરાવતા નથી પરંતુ ફોનમાં, કોમ્પ્યુટરની સ્ક્રીન પર શું નવું શીખવા મળે છે તેમાં વધારે રસ ધરાવે છે. પોતાના પરિવાર, કુટુંબના વડીલો પ્રત્યે બેધ્યાન થઈ, ફોટો વીડિયો, રીલના મેસેજ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવા એ તેમની પ્રથમ પ્રાથમિકતા પસંદગી થઈ ગઈ છે. આજના બાળકો સારા પુસ્તકોનું વાંચન, ન્યૂઝ પેપરનું માહિતી પ્રદ વાંચન કે લાયબ્રેરી જવું. આ બધું તેમના જીવનમાંથી લુપ્ત થઈ ગયું છે. મોબાઈલનો વપરાશ મર્યાદાપૂર્વકનો હોવો જોઈએ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
STAMP FRANKING
Now Available
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49%
(p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381
Borivali (West) 86526 30390
Dombivli (East) 86526 30386
Ghatkopar (East) 86526 30383
Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384
Matunga 86526 30389
Mulund (West) 86526 30382
Thane (West) 86526 30388
Vashi 86526 30387
Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank

# શ્રી ક.દ.ઓ.ચાર્ટડ એકાઉન્ટન્ટસ એસોસિએશન દ્વારા લેક્ચર, મિટિંગ અને વાર્ષિક મેળાવડો યોજાયો



ક.દ.ઓ.ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન દ્વારા રવિવાર, ૪ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ કે.જે.સોમૈયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, વિદ્યાવિહાર, મુંબઈમાં સફળતાપૂર્વક લેક્ચર મીટિંગ અને વાર્ષિક મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમે ૧૫૦ ફાઇનાન્સ અને ટેક્સ વ્યાવસાયિકો, ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ અને ક.દ.ઓ. જ્ઞાતિજનોને કેન્દ્રીય બજેટ ૨૦૨૪ ની જટિલતાઓને સમજવા અને ક.દ.ઓ. સમુદાયના અગ્રણી ઉદ્યોગસાહસિકો સાથે જોડાવા માટે એકસાથે લાવ્યા.

ક.દ.ઓ. સીએ એસોસિએશનના પ્રમુખ સીએ ગૌતમ શાહે ઉપસ્થિતોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને એસોસિએશનની પ્રવૃત્તિઓની ઝાંખી આપી.

ટેકનિકલ સત્રમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૪ ના વિષયમા ચર્ચા કરવામાં આવી હતી અને તેની અધ્યક્ષતા સીએ કમલેશ શિવજી વિકમશી, ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખે કર્યું. સીએ રાજીવ જયચંદ લુઠિયાએ તાજેતરના ચીજવસ્તુ અને સેવા કર ના સુધારાઓ અને દરખાસ્તો પર નિષ્ણાત વિશ્લેષણ કર્યું હતું, જ્યારે સીએ ધારિણી શાહે બજેટમાં અનાવરણ કરાયેલ આવકવેરાની જોગવાઈઓ પર પ્રકાશ પાડ્યો હતો.

સમિતિના સભ્યો સીએ પૌલોમી ધરમશી, સીએ નીતા ધરમશી, સીએસ દિવ્યા મોમાયા અને સીએ ચાર્વિક મોમાયાએ વર્ષ ૨૦૨૪-૨૫માં એસોસિએશનની વિવિધ પેટા સમિતિઓ દ્વારા આવનારી પ્રવૃત્તિઓ માટે એક વ્યાપક કાર્ય યોજના રજૂ કરી હતી.

''રાઇઝ એન્ડ થ્રાઇવ: ધ એન્ટરપ્રિન્યોર્સ જર્ની'' શીર્ષકવાળી પેનલ ચર્ચામાં કુશળ ઉદ્યોગ સાહસિકો: શ્રી હરીશ ધરમશી, સીએ હીરાચંદ દંડ અને શ્રી હાર્દિક શાહ હતા. સીએ જીહાન વિક્રમશી દ્વારા સંચાલિત પેનલે વ્યવસાયો શરૂ કરવા અને આગળ વધારવા, પડકારોને દૂર કરવા અને ઉદ્યોગસાહસિક સફળતા હાંસલ કરવા અંગેના મૂલ્યવાન અનુભવો શેર કર્યા.

આ કાર્યક્રમમાં શ્રી જયંત લાપશિયાને અતિથિ વિશેષ તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમણે પ્રેરણાદાયક સંબોધન કર્યું. ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ સીએ નિલેશ શિવજી વિકમશી એ વિદ્યાર્થીઓ અને યુવા વ્યાવસાયિકોને ખંતપૂર્વક કામ કરવા, મજબૂત નીતિશાસ્ત્ર જાળવવા અને તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રાથમિકતા આપવા પ્રેરણા આપી હતી.

સીએ હીરાચંદ દંડને ૨૦૨૩ માં લંડન બિઝનેસ સ્કૂલમાંથી નેતૃત્વ અને વ્યૂહરચનામાં એમ.બી.એ પૂર્ણ કરવા બદલ વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. પરંપરાને ધ્યાનમાં રાખીને, ક.દ.ઓ. સીએ એસોસિએશને જાન્યુઆરી ૨૦૨૩ અને મે ૨૦૨૪ વચ્ચે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, કંપની સેક્રેટરી, કોસ્ટ એકાઉન્ટન્ટ્સની સંસ્થા દ્વારા આયોજીત પરીક્ષાઓમાં પાસ થયેલ વિદ્યાર્થી ઓનું સન્માન કર્યું હતું. સીએ ઘનશ્યામ લાલકાએ નિપુણતાથી સન્માન સમારોહનું સંચાલન કર્યું હતું અને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

ક.દ.ઓ. સીએ એસોસિએશનના ખજાનચી સીએ રાજ ખોનાએ નિપુણતાથી ઈવેન્ટનું સંચાલન કર્યું હતું, જ્યારે ક.દ.ઓ. સીએ એસોસિએશનના ઉપપ્રમુખ સીએ હિતેશ ધરમશી એ ઈવેન્ટની સમગ્ર લોજિસ્ટિક્સને કુશળતાપૂર્વક સંભાળી હતી. સ્વાદિષ્ટ રાત્રિભોજન સાથે પ્રસંગ સમાપ્ત થયો. એકંદરે, ક.દ.ઓ. જ્ઞાતિજનો સભ્યો માટે મૂલ્યવાન જ્ઞાન, પ્રેરણા અને નેટવર્કિંગની તકો પ્રદાન કરતી આ ઇવેન્ટ એક અદભૂત સફળતા હતી.

# કારંજા સંઘમાં શ્રી ગૌતમ કમલ તપના તપસ્વીઓની સાંજી યોજાઈ







શ્રી કારંજા સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં તા.૬ ઓગસ્ટ મંગળવાર રોજે શ્રી ગૌતમ કમલ તપના તપસ્વીઓની સાંજીનું આયોજન કરાયેલ. શ્રી સંઘના શ્રાવિક શ્રાવિકાઓ ભાવપૂર્વક જોડાઈ. ધર્મ આરાધના અને ભક્તિનો લાભ લઈ ધન્ય થયાં હતાં.







# તિરૂપુર સંઘમાં અષ્ટપ્રકારી પૂજનની ધર્મ આરાધના ભાવપૂર્વક થઈ



તા.૪ ઓગસ્ટ રવિવારના રોજે દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર સંઘમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં અષ્ટપ્રકારી પૂજનની આરાધનાનો કાર્યક્રમ અતિ સુંદર રીતે સંઘના ૨૫૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતમાં સંપન્ન થયો.

સંઘ પૂજનનો લાભ જૈન બટન હાઉસ પરિવારે લીધો હતો. પરેશભાઈ મોતા અને લલિતભાઈ લોડાયા કોચીનથી પધારેલ અને સંગીત સાથે ભક્તિની રમઝટ મચાવેલ.

સજ્જન બનીને આરતી-મંગલ દીવાનો લાભ માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવારે લીધેલ. જલ પૂજાના લાભાર્થી હંસરાજ વેરશી નાગડા પરિવાર, ધૂપ પૂજાના લાભાર્થી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવાર અને દીપ પૂજાના લાભાર્થી રતિલાલ વેરશી નાગડા પરિવાર હતા.




## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# પ.પૂ.સાધ્વીશ્રી મ.સા. વિમલકિરણાશ્રીજી કાળધર્મ પામ્યા



અચલગચ્છ માટે એક દુઃખદ સમાચાર છે કે શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વિમલકિરણાશ્રીજી મ.સા. તા.૧૦ ઓગસ્ટ શનિવાર બપોરે ૧.૪૦ કલાકે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા છે.

પાલખીના ચડાવા અને ગુણાનુવાદ સાંજે ૪.૩૦ કલાકે અને પાલખી સાંજે ૫ કલાકે શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી ચીચબંદરથી નીકળી હતી. મોટી સંખ્યામાં ગુરૂ ભક્તો અશ્રુભરી આંખે અંતિમ દર્શન-વંદના કરી પાલખીમાં જય જય નંદા જય ભદ્રા કરતા જોડાયા હતા.

પૂજ્ય સાહેબના પૂર્વાશ્રમના માવિત્ર સાંયરાના ધનબાઈ દામજીભાઈ લોડાયા

# ડૉ.અભય ધરમશી કરમસદ સ્થિત ભાઈ કાકા યુનિવર્સિટીના મુખ્ય અધિકારી તરીકે નિયુક્ત થયા



કરમસદ સ્થિત ભાઈ કાકા યુનિવર્સિટીના Provost-Senior-academic administrator તરીકે ડૉ.અભય ધરમશીની નિયુક્તિ કરાઈ છે. ફાર્મસી શિક્ષણ સાથે શિક્ષણ ક્ષેત્રે ૪૦ થી વધુ વર્ષનો અનુભવ ધરાવતાં કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશનની વરિષ્ઠ કમિટિમાં, ૭મા વેતન સમીક્ષા સમિતિમાં, NAAC-National Assessment Accreditation Council ની Peer ટીમના સદસ્ય, યુનિયન પબ્લિક સર્વીસ કમિશન UPSC ની પસંદગી સમિતિના મેમ્બર ઉપરાંત નોવેલ ડ્રગ ડિલેવરી સિસ્ટમ્સ, નેનો ફાર્માસ્યુટિકલ્સ, ક્લિનિકલ અને કોમ્યુનિટી ફાર્મસીમાં તેમનું મહત્વનું યોગદાન પ્રદાન છે. તેમની પાસે બહુવિધ ફાર્મસી ક્ષેત્રની પેટન્ટ છે અને અસંખ્ય સંશોધન પત્ર રીસર્ચ પેપર લખ્યાં છે.

બહુવિધ પ્રતિભા ધરાવતા ડૉ.ધરમશીની આ ગૌરવ પદ પર થયેલ નિયુક્તિ જ્ઞાતિ માટે ગૌરવવંત છે. જે માટે તેઓ અભિનંદનના અધિકારી છે. શત શત અભિનંદન સાથે ઉજ્જ્વળ ભવિષ્યમાં હજી ઉચ્ચ સિધ્ધિઓ પ્રાપ્ત કરે એ શુભકામના.

# શ્રી અશોક દામજી ડાઘાને ઈન્ડિયન કોટન ફેડરેશન કોઈમ્બતુર દ્વારા બિઝનેસ લીડર એવોર્ડ એનાયત થયો



કોટન વ્યાપારના જાણીતા બિઝનેસમેન-ઉદ્યોગપતિ શ્રી અશોક દામજી ડાઘા જેઓ બિઝનેસમાં ૩ જી 3rd Generation નું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ મુંબઈ માટુંગા પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાન VJTI વીર માતા જિજાબાઈ ટેકનોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટમાંથી સ્નાતક થઈ. શ્રેષ્ઠ બનવાના ઉદ્દેશ સાથે કપાસના વ્યાપારમાં ઝંપલાવવાનું સાહસ કર્યું. નવો પ્રદેશ નવી ભાષા અને નવો માહોલ સાથે ૧૯૭૪માં કોઈમ્બતુરથી પ્રારંભ કર્યો. દક્ષિણ ભારતનું માન્ચસ્ટર તેમની માટે બેન્ચ માર્ક બન્યો. ફાર્મ ટુ ફેશન સુધી તેમનો કારોબાર વિસ્તારેલો છે. કપાસની ખેતી, જિનિંગ, સ્પિનિંગ અને કપડાંથી માંડીને કપડાના દરેક પાસાને પ્રભાવિત કરતાં તેઓ પ્રવાસ ખેડ્યો છે.

ICF ઈન્ડિયન કોટન ફેડરેશનના ડિરેક્ટરને કોઈમ્બતુર કોટન એસોસિએશનના પૂર્વ પ્રમુખ તથા દેશની પ્રતિષ્ઠિત સંસ્થા કોટન એસોસિએશન ઓફ ઈન્ડિયા CAI દ્વારા નિયુક્ત કપાસ પાક કમિટીમાં જે થોડાક જણને જવાબદારી સોંપવામાં આવેલ તેમાંના એક તથા SIMA CRDI બીજ સંશોધન માટે ખાસ આમંત્રિત એવા અશોકભાઈ ડાઘા હમેંશા સમાજને પાછું આપવાના આગ્રહી છે. આદર્શવાદી સિધ્ધાંતો અને નીતિશાસ્ત્ર જીવનશૈલી ધરાવતા એક સફળ માનવીના નિર્ધારીત લક્ષ્યો અને સિધ્ધાંતોને સલામ કરતાં આ એવોર્ડ તેમને ICF ના પ્રમુખ જે તુલસીધરન તરફથી ગૌરવ સન્માનિત પત્રમાં કહ્યું છે. જે તા.૯ ઓગસ્ટ શુક્રવારે કોઈમ્બતુર ખાતે તેમને પ્રદાન કરાયો.

કપાસ ક્ષેત્રના માંધાતા બિઝનેસમેન શ્રી અશોકભાઈ દામજી ડાઘાને આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે હાર્દિક અભિનંદન. આપના કાર્ય ગૌરવથી જ્ઞાતિનું નામ ઉજ્જવળ થયું છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જખૌ બંદરે અરવિંદ લાલજી લોડાયાના માર્ગદર્શન હેઠળ ૫૦૦થી વધુ ભૂખ્યા શ્વાનોને રોજ રોટલા અપાયા



કીડીને કણ અને હાથીને મણ કુદરત આપી જ દે છે. કુદરતની આ વ્યવસ્થામાં માધ્યમ બનવું એ જ માનવીય અભિગમ છે. હાલમાં વરસાદને પગલે જખો બંદર પરના અંદાજે પાંચસોથી વધુ શ્વાનો કપરી પરિસ્થિતિમાં મૂકાયા છે. વરસાદની ઋતુ હોતાં હાલ ત્યાં માછીમારી સદંતર બંધ છે.

માનવ વસાહતના અભાવે અહીંના શ્વાનો ભૂખમરો વેઠી રહ્યા છે. જેની જાણ જિલ્લા પંચાયતના પશુ નિયામકને થતાં આટલી મોટી સંખ્યામાં શ્વાનોનાં જીવન બચાવવા તેઓના ખોરાકની વ્યવસ્થા કરવા સુપાર્શ્વ જૈન સેવા મંડળ, ભુજના પ્રમુખ કૌશલભાઈ મહેતાનો સંપર્ક કર્યો હતો. સંસ્થા દ્વારા સત્વરે રોટલાની વ્યવસ્થા ગોઠવાઈ હતી. જે અંતર્ગત અબડાસા ભાજપના અગ્રણી, મૂળ વારાપધ્ધર-હાલે ગાંધીધામના અરવિંદભાઈ લાલજી લોડાયા-શાહના માર્ગદર્શન હેઠળ જખૌ બંદર પર અશોકભાઈ શાહ દ્વારા દરરોજ સવારે અને બપોરે તમામ શ્વાનોને રોટલા અપાઇ રહ્યા છે. આ જીવદયા કાર્ય આગામી તા. ૩૧મી જુલાઈ સુધી ચાલુ રાખવા સંસ્થાના ટ્રસ્ટી મંડળ દ્વારા નિર્ણય લેવાયો છે. દરરોજ ૬૦ કિલો બાજરીના રોટલા સવારે અને બપોરે અપાઈ રહ્યા છે. જેનો અંદાજે ખર્ચ રૂા. ૩૫૦૦ જેટલો થાય છે. બંદર પર જ રોટલા બનાવવાની વ્યવસ્થા કરાઈ છે. સેવાભાવી યુવાનો વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

સંસ્થા સંચાલિત કલાપૂર્ણસૂરિ કરૂણાધામ પશુ હોસ્પિટલ પશુ સારવાર ક્ષેત્ર કચ્છમાં મોખરાનું સ્થાન ધરાવે છે. અબોલ જીવોને કનડતી માનવ સર્જિત કે કુદરતી કોઈપણ સમસ્યા દૂર કરવા સંસ્થા હંમેશ કટિબદ્ધ રહી છે. સંસ્થા પ્રમુખ કૌશલભાઈ મહેતાએ આ સેવાકાર્યમાં જોડાવા જીવદયાપ્રેમીઓને અપીલ કરી હતી.

---

To,
**Kdo Gnatijans**

Shri samast mahajan is Kdo gnyatis apex body is looking for commited basic IT volunteers for our community project.

1 to 2 hour per week is the tile commitment, Come on join us for making our community stronger better, your services will be appreciated they say service to community is as good as service to god.

Please send a message in 2 lines about you and your interest **@7506070851**

**Nishith A. Dand**
**(Secretary General)**
**Shri Samast KDO jain Mahajan**

---

**વ્હાલા**
**જ્ઞાતિજનો,**

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિની સર્વોચ્ચ સંસ્થા શ્રી સમસ્ત મહાજન આપણા સમુદાયના પ્રોજેક્ટ માટે પ્રતિબદ્ધ મૂળભૂત IT સ્વયંસેવકોની શોધમાં છે., અઠવાડિયે ૧ થી ૨ કલાક ટાઈમની પ્રતિબદ્ધતા છે.

આવો આપણા સમુદાયને વધુ મજબૂત બનાવવા અમારી સાથે જોડાઓ, તમારી સેવાઓની પ્રશંસા કરવામાં આવશે, જેઓ જોશે કરશે તેઓ કહેશે કે સમુદાયની સેવા એ ભગવાનની સેવા જેટલી સારી છે.

કૃપા કરીને તમારા અને તમારી રૂચિ વિશે ૨ લીટીઓમાં સંદેશ આપેલ **વોટ્સએપ નંબર 7506070851** ઉપર મોકલશોજી.

**શ્રી નિશિથ એ. દંડ**
**(સેક્રેટરી જનરલ)**
**શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા : ૧૨૨ માં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થીઃ શ્રી વરાડીયા વહુ-રાણી ગ્રુપ |
| તા. ૧૩/૧૪ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ગદગ તીર્થ-શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય-ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ ક. થી એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન-વારાપધર સ્થાને. |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ મુહૂર્ત |


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ) પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**

**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**

**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રી હિતેન્દ્ર માણેકજી મોતા (રાપરગઢવારી-કચ્છ)**

# તેરા પાંજરાપોળમાં પશુ આરોગ્ય મેળા કેમ્પનું આયોજન થયું






તા.૮ ઓગસ્ટ ગુરૂવારના દિને તેરા પાંજરાપોળ મધ્યે પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. પાંજરાપોળમાં રહેલ તમામ ઢોર ઢાંખરને લમ્પીની રસી આપવામાં આવેલ. તેમજ બીમાર પશુઓની સારવાર કરવામાં આવી હતી.

આ પશુ આરોગ્ય કેમ્પમાં ડૉ.શેરસિંહ ચૌહાણ, ડૉ.લાખાણી, અબડાસા પશુ પાલક દવાખાનાનો સ્ટાફ ઉપરાંત મેહુલભાઈ પરમાર, દર્પણભાઈ રાવલીયા અને હઠુભા સોઢાએ પોતાની સેવાઓ આપી હતી.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રાજકુમારી લોડાયા**
તા.૨ ઓગસ્ટ (ઉ.૮૪)
વારાપધર–હૈદ્રાબાદ



**પ્રવિણાબેન ખોના**
તા.૪ ઓગસ્ટ (ઉ.૮૪)
જખૌ–ઘાટકોપર



**લક્ષ્મીકાંત લાલકા**
તા.૬ ઓગસ્ટ (ઉ.૪૮)
નલિયા–બારસી



**સુરેખાબેન લોડાયા**
તા.૬ ઓગસ્ટ (ઉ.૬૩)
નાની ખાવડી–વિરાર



**ખુશાલભાઈ પોલડિયા**
તા.૬ ઓગસ્ટ (ઉ.૬૮)
ડુમરા–બોરીવલી



**ખુશાલભાઈ દંડ**
તા.૭ ઓગસ્ટ (ઉ.૬૭)
લાખણિયા–મુલુંડ



**હેમલતાબેન શિયાલ**
તા.૮ ઓગસ્ટ (ઉ.૫૩)
જખૌ–પારોલા



**ધનકુમાર લોડાયા**
તા.૮ ઓગસ્ટ (ઉ.૫૬)
મોટી ખાવડી–ડોંબિવલી



**દીપકભાઈ સોની**
તા.૧૦ ઓગસ્ટ (ઉ.૬૦)
સાંયરા–જલગાંવ



**દિનેશભાઈ લોડાયા**
તા.૧૦ ઓગસ્ટ (ઉ.૮૬)
મંજલ રેલડીયા–મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● વર્ષ ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપનો ભોગ બનનારા લોકોની સ્મૃતિમાં બનાવાયેલા દેશના સૌથી મોટા એવા ભુજના સ્મૃતિવન ભૂકંપ સંગ્રાહલયને વિશ્વ સ્તરીય સંસ્થા યુનેસ્કો દ્વારા વિશ્વના સૌથી સાત સુંદર સંગ્રાહલયમાં સ્થાન આપી વૈશ્વિક સન્માન પ્રદાન કર્યું છે. ભારતના કોઈપણ મ્યુઝિમને પહેલીવાર આ પ્રકારે સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃત્તિ સંરક્ષણની અભિવ્યક્તિ માટે વૈશ્વિક માન્યતા આ એવોર્ડ થકી મળી હોવાનું જાણવા મળે છે. યુનેસ્કો દ્વારા પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત પ્રીક વર્સાઈલ્સ એવોર્ડ અંતર્ગત ભુજના સ્મૃતિવન ભૂકંપ સંગ્રાહલયને બહુમાન આપવામાં આવ્યું છે.

● ઉત્તરપ્રદેશ રાજ્યના અયોધ્યા ખાતે ઈન્ડિયન આર્ટ એન્ડ કલ્ચર સોસાયટી દ્વારા આયોજિત કલા એવમ સાંસ્કૃતિક મહોત્સવ રાષ્ટ્રીય નૃત્ય હરિફાઈમાં માધાપર આઈયા સ્પેસ અને ભુજના અંધજન મંડળમાં કાર્યરત નૂપુર ડાન્સ એકેડેમીના ૩૦ કલાકારો દ્વારા પ્રસ્તુત સેમી કલાસિકલ, ક્લાસિકલ, લોકનૃત્ય અને મોર્ડન નૃત્યને ૩૮ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. આ ત્રિદિવસીય રાષ્ટ્રીય સ્પર્ધામાં ૧૨ રાજ્યમાંથી ૧૩૫૦ થી વધુ કલાકાર દ્વારા પ્રસ્તુતિઓ રજૂ કરાઈ હતી. અલગ અલગ શ્રેણીમાં માધાપર અને ભુજના કલાકારો દ્વારા પ્રસ્તુત ૨૫ કૃતિને પ્રથમ, ૧૧ને દ્વિતીય અને ૨ને તૃતીય પુરસ્કાર એનાયત કરાયા હતા.

● બાળ સિનેમા પ્રત્યેના સમર્પિત કાર્ય અને યોગદાન બદલ ભારતના આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસનીય કચ્છી ફિલ્મકાર અને દિગ્દર્શક મૂળ કચ્છ તેરા હાલે અંધેરી–મુંબઈના વિનોદ ગણાત્રાને દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ ખાતે યોજાયેલા ચિલ્ડ્રન્સ ફિલ્મોત્સવમાં પ્રતિષ્ઠિત લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ ચેમ્પિયન ઓફ ચિલ્ડ્રન્સ ફિલ્મસથી નવાજવામાં આવ્યા. છેલ્લા ત્રણ દાયકાથી વિશ્વના ૧૦૧ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં જ્યુરી તરીકે સેવા આપનારા વિનોદ ગણાત્રા એકમાત્ર ભારતીય ફિલ્મ નિર્માતા છે. તેમની પ્રથમ બાલ ફિચર ફિલ્મ હેડાહોડા, એ વિશ્વભરમાં ૫૮ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત થઈ હતી અને અનેક ઈનામો જીત્યા હતા. વિનોદ ગણાત્રાએ ૧૨ વર્ષ સુધી સીઆઈએફઈ જેના બોર્ડ સભ્ય તરીકે પણ સેવા આપી છે. અત્યાર સુધી ૩૬ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર જીત્યા છે. દાદા સાહેબ ફાળકે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

● માંડવી તાલુકાના વરઝડીના જુલીબેન માવાણીને પ્રાકૃતિક રીતે બાગાયતી પાકો જેવા કે આંબા, જામફળ, હળદર, ચણા, તુવેર, સરગવાની ખેતી કરીને તેનું મૂલ્યવર્ધન કરીને વેચાણ કરવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે બેસ્ટ ફાર્મર ખેડૂતના એવોર્ડથી નવાજવામાં આવ્યા. તેઓ ૧૩ એકરમાં પ્રાકૃતિક ખેતી કરે છે. મોટા ભાગે બાગાયતી પાકો અને મસાલાની ખેતી કરે છે અને સરગવાનો પાઉડર, હળદરનો પાઉડર, ચાનો મસાલો, છાશનો મસાલો, સૂંઠ પાઉડર, ચણા, તુવેર, આંબાનો પલ્પ વગેરે જાતે બનાવીને સીધું માર્કેટમાં વેચાણ કરે છે. નોંધપાત્ર નફો થવા સાથે તમામ પ્રોડક્ટ ૧૦૦ ટકા પ્રાકૃતિક હોવાથી લોકોમાં ખૂબજ માંગ છે. ઘરે જ તમામ પ્રોડક્ટ બનાવતા હોવાથી તેઓ અન્ય મહિલાઓને પણ રોજગારી આપી રહ્યાં છે.

● સિરામિક સિટી તરીકે જાણીતા મોરબીના સિરામિક, મીઠું, ઘડિયાળ, સેનિટેશન પેપર મિલ પોલિપેક સહિત ઉદ્યોગોનો વ્યાપાર ઝડપી બને અને મોરબી જિલ્લાનો વિકાસને ધ્યાનમાં લઈ નવલખી બંદરથી કંડલા સુધી ૧૮ કિ. મી.નો દરિયાઈ માર્ગ, સી લિંક બ્રીજ બનાવવાની માંગણી થઈ છે.




insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA